રાંદેર અને સેન્ટ્રલ ઝોનમાં કચરાના પ્રમાણમાં સૌથી મોટો વધારો નોંધાયો

દિવાળીમાં દૈનિક સરેરાશ કચરો વધીને 3285 મેટ્રીક ટને પહોંચ્યો

10 ઝોનમાં દૈનિક વેસ્ટ લિફ્ટિંગમાં ૩.૪૬% નો ઉછાળો

રાંદેર ઝોનમાં ગત મહિને દૈનિક સરેરાશ 347.000 મેટ્રિક ટન કચરો એકત્ર થતો હતો, જે આ મહિને 380.949 મેટ્રિક ટન થયો

સુરત : દિવાળી તહેવારને લઈને શહેરમાંથી કચરો સરેરાશ વધારે નીકળે છે. સાફ સફાઈને લઈને તેમજ ફટાકડાને લઈને શહેરના તમામ 10 ઝોનમાં દૈનિક ધોરણે એકત્ર થતા કચરાના પ્રમાણમાં (વેસ્ટ લિફ્ટિંગ) ગત મહિનાની સરખામણીએ નોંધપાત્ર અવધારો જોવા મળ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા પ્રાપ્ત આંકડાકીય વિગતો મુજબ, ગત મહિને સમગ્ર શહેરમાંથી રોજનો સરેરાશ 3,176.000 મેટ્રિક ટન કચરો ઉંચકવામાં આવતો હતો, જે આ મહિને વધીને સીધો 3,285.792 મેટ્રિક ટન પર પહોંચી ગયો છે. આમ, શહેરના દૈનિક કચરાના નિકાલમાં એક જ મહિનામાં 109.792 મેટ્રિક ટન એટલે કે આશરે 3.46 ટકાનો સીધો વધારો નોંધાયો છે.

શહેરના જુદા-જુદા વિસ્તારો અને ઝોનવાઈઝ આંકડાઓ પર નજર કરીએ તો, રાંદેર ઝોનમાં કચરાના પ્રમાણમાં સૌથી મોટો 9.78 ટકાનો ઉછાળો નોંધાયો છે. રાંદેર ઝોનમાં અગાઉ ગત મહિને દૈનિક સરેરાશ 347.000 મેટ્રિક ટન કચરો એકત્ર થતો હતો, જે આ મહિને 33.949 મેટ્રિક ટન વધીને 380.949 મેટ્રિક ટન થઈ ગયો છે. આ જ ક્રમમાં, સેન્ટ્રલ ઝોનમાં પણ 7.90 ટકાના નોંધપાત્ર વધારા સાથે દૈનિક કચરો 74.000 મેટ્રિક ટનથી વધીને 79.843 મેટ્રિક ટન પર પહોંચ્યો છે. લિંબાયત ઝોનમા ગત મહિનાના 443.000 મેટ્રિક ટનની સામે 30.000 મેટ્રિક ટન (એટલે કે 6.77 ટકા) ના વધારા સાથે રોજનો 473.000 મેટ્રિક ટન કચરો ઉંચકવામાં આવ્યો છે. અઠવા ઝોનમાં 21.000 મેટ્રિક ટન (5.60 ટકા) ના વધારા સાથે દૈનિક સરેરાશ 396.000 મેટ્રિક ટન અને કતારગામ ઝોનમાં 11.000 મેટ્રિક ટન (2.17 ટકા) ના વધારા સાથે સૌથી વધુ 519.000 મેટ્રિક ટન કચરાનું લિફ્ટિંગ થયું છે. આ સાથે જ ઉધના ઝોન-બી માં 8.000 મેટ્રિક ટન (5.67 ટકા), ઉધના ઝોન-એ માં 2.000 મેટ્રિક ટન (0.59 ટકા) અને સેન્ટ્રલ ઝોન માં 1.000 મેટ્રિક ટન (0.40 ટકા) નો સામાન્ય વધારો નોંધાયો છે. બીજી તરફ, સુરત શહેરના કુલ 10 ઝોન પૈકી માત્ર બે જ ઝોનમાં કચરાના પ્રમાણમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે, વરાછા ઝોન-એ માં 2.000 મેટ્રિક ટન (-0.45 ટકા) ના ઘટાડા સાથે દૈનિક 438.000 મેટ્રિક ટન અને વરાછા ઝોન-બી માં 1.000 મેટ્રિક ટન (-0.38 ટકા) ના ઘટાડા સાથે 259.000 મેટ્રિક ટન દૈનિક કચરો ઉંચકાયો છે.

સ્વામિનારાયણ ભગવાનની પાઘડીનાં દર્શન કરવા લોકો ઊમટી પડ્યા



સુરતના સૈયદપુરા વિસ્તારમાં એક પારસી પરિવાર છેલ્લા બે સદીથી પણ વધુ સમયથી ભગવાન સ્વામિનારાયણની પવિત્ર પાઘડીનું જતન કરી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે પારસી પરિવારની સાતમી પેઢી આજે પણ આ અમૂલ્ય ધરોહરને એટલી જ શ્રદ્ધા અને કાળજીથી સાચવી રહી છે. વર્ષો જૂની પરંપરા મુજબ દર વર્ષે દિવાળીના બીજા દિવસે એટલે કે ભાઈબીજના પવિત્ર દિવસે ભગવાન સ્વામિનારાયણની પાઘડીને જાહેર દર્શન માટે મૂકવામાં આવે છે. આ દિવસે સુરત સહિત ગુજરાત અને દેશના અન્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો અને શ્રદ્ધાળુઓ આ પાઘડીનાં દર્શન કર્યા હતા. આ પાઘડીને એક ખાસ લાકડાની પેટીમાં સુરક્ષિત રાખવામાં આવે છે. કાપડને જીવાત કે અન્ય નુકસાન ન થાય તે માટે કપૂર, લવિંગ અને નેપથેલીન બોલ્સ જેવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે. પાઘડી માટે ઘરમાં અલગ પૂજા રૂમ પણ બનાવવામાં આવ્યો છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

સૂર્ય ઉપાસનાના મહાપર્વ છઠ પૂજાનો નહાય-ખાય સાથે પ્રારંભ

તાપી કિનારે ભક્તિ અને શ્રદ્ધાનો માહોલ જામશે

સુરતઃ સુરતને મીની ભારત તરીકે ઓળખવામાં આવે છે. ત્યારે બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશના પૂર્વાંચલ વિસ્તારના લોકો માટે અત્યંત મહત્ત્વ ધરાવતો લોકઆસ્થાનો મહાપર્વ 'છઠ પૂજા' નજીક આવતાં જ શહેરમાં તેની તૈયારીઓ અને ધાર્મિક ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર ભારતીય પરિવારોમાં આ પર્વને લઈને ભારે ઉત્સાહ છે. લોકઆસ્થા, શ્રદ્ધા અને સૂર્ય ઉપાસનાના મહાપર્વ છઠ પૂજાનો આજથી નહાય-ખાય સાથે પ્રારંભ થયો છે. ચાર દિવસ સુધી ચાલનારા આ પવિત્ર મહાપર્વને લઈને સુરત શહેરમાં વસતા બિહારવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે બિહાર વિકાસ પરિષદ દ્વારા તાપી નદીના કિનારે આવેલા જહાંગીરપુરા અને ડભોલી (વેડ રોડ) ખાતે છઠ પૂજાના આયોજનને લઈને ભવ્ય તૈયારી કરવામાં આવી છે.

તાપી-નહેર-તળાવ કિનારા મળી 18 સ્થળે પૂજા

આસ્થાના મહાપર્વ છઠ પૂજાને લઈ સુરતના તાપી નદીના કિનારે તમામ 18 સ્થળે પુંજા કરવામાં આવે છે. છે. સુરત શહેરમાં અંદાજિત 20 લાખથી વધુ ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો વસવાટ કરે છે, જેના કારણે અહીં છઠ પૂજાનું ભવ્ય આયોજન થાય છે. શહેરના સિંગણપોર અને ડભોલી તાપી કિનારે આવેલા ઘાટ, ડિંડોલી છઠ સરોવર, જહાંગીરપુરા, અશ્વનીકુમાર, ફુલપાડા સહિતનાં સ્થળે છઠ્ઠ પુજા યોજાશે.

અર્ધ્યનો સમય

સુરતના સ્થાનિક સૂર્યોદય અને સૂર્યાસ્તના સમય પ્રમાણેઃ
15 નવેમ્બરઃ સાંજે આશરે 5:56 વાગ્યે અસ્તાચળે જતા સૂર્યને સંધ્યા અર્ધ્ય. 16 નવેમ્બરઃ સવારે આશરે 6:49 વાગ્યે ઊગતા સૂર્યને ઉષા અર્ધ્ય.

કતારગામમાં હીરા દલાલ સાથે રૂપિયા ૪.૮૯ લાખની ઠગાઈ

સુરતઃ કતારગામ વિસ્તારમાં હીરા દલાલ સાથે છેતરપિંડીની ઘટના સામે આવી છે. કતારગામના ધનમોરા ચાર રસ્તા પાસે રહેતા અને વર્ષ ૨૦૦૫થી હીરા દલાલી કરતાં મહેન્દ્રભાઈ માળવી પાસેથી પરાગભાઈ નામના શખ્સે રૂ. ૪,૮૯,૨૭૮ ની કિંમતના ૧૮.૪૨૭ કેરેટ વજનના નેચરલ હીરા ખરીદ્યા હતા. હીરાની ચકાસણી બાદ આરોપીએ રોકડા નાણાં કે હીરા પરત ન આપ્યા ન હતા. મહેન્દ્રભાઈએ પોતાના હીરા પરત માંગ્યા ત્યારે પરાગભાઈએ હીરા પ્રોસેસમાં આપી દીધા હોવાનું જણાવી રૂત્વિક અને દીક્ષિત નામના વ્યક્તિઓના નામ અને નંબર આપી વાયદાઓ કર્યા હતા. બાદમાં લેખિત બાંહેધરી આપવા છતાં નાણાં કે હીરા પરત આપ્યા નહોતા. આ અંગે છેતરપિંડીની આશંકા જણાતા મહેન્દ્રભાઈએ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

સરથાણા નેચરપાર્કમાં 9 દિવસમાં 90,537 સહેલાણીઓ ઊમટયા

દિવાળી વેકેશનમાં મનપાને રૂ. 25.54 લાખની આવક થઈ

સુરતઃ દિવાળી વેકેશનના માહોલમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા નેચરપાર્ક ખાતે સહેલાણીઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળી રહ્યો છે, જેમાં ખાસ કરીને છેલ્લા 5 દિવસમાં જ 78,368 મુલાકાતીઓએ મુલાકાત લેતા મનપાની તિજોરીમાં રૂ. 22,64,520 ની જંગી આવક જમા થઈ છે. દિવસવાર આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, તા. 9 નવેમ્બરે 16,004 મુલાકાતીઓ થકી રૂ. 4,72,020 ની આવક થઈ હતી, જ્યારે તા. 10 નવેમ્બરે સૌથી વધુ 21,805 મુલાકાતીઓ ઉમટતા એક જ દિવસમાં રૂ. 6,39,820 ની વિક્રમી આવક નોંધાઈ હતી. ત્યારબાદ પણ ભીડ યથાવત રહેતા તા. 11 નવેમ્બરે



મુલાકાતીઓ અને આવક

તારીખ	મુલાકાતીઓ	આવક
09/11	16,004	4,72,020
10/11	21,805	6,39,820
11/11	15,555	4,48,360
12/11	13,515	3,83,880
13/11	11,489	3,20,440
કુલ	78,368	22,64,520

15,555 મુલાકાતીઓ સાથે રૂ. 4,48,360, તા. 12 નવેમ્બરે 13,515 મુલાકાતીઓ સાથે રૂ. 3,83,880 અને તા. 13 નવેમ્બરે 11,489 મુલાકાતીઓ સાથે રૂ. 3,20,440 ની આવક સુરત મનપાને પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત, દિવાળી વેકેશન શરૂ થયું ત્યારથી એટલે કે તા. 5 નવેમ્બરથી 13 નવેમ્બર સુધીના કુલ 9 દિવસમાં 90,537 મુલાકાતીઓએ નેચરપાર્કની મુલાકાત લીધી છે, જેના થકી મનપાને કુલ રૂ. 25,54,170 ની માતબર આવક થઈ છે.

દિવાળીના તહેવારો અને વેકેશન દરમિયાન અન્ય પ્રાંતના લોકો પોતાના વતન જતા હોય છે. અને સુરતમાં જ રોકાયેલા સ્થાનિક નાગરિકો અને દક્ષિણ ગુજરાતના આસપાસના શહેરોના પરિવારો માટે સરથાણા નેચરપાર્ક ફરવા માટેનું સૌથી લોકપ્રિય 'હોટ ડેસ્ટિનેશન' બની ગયું છે. દિવાળી, બેસતા વર્ષ અને ભાઈબીજના તહેવારોથી શરૂ થયેલા વેકેશનમાં પરિવારજનો અને બાળકો સાથે મોટી સંખ્યામાં લોકો ઉમટતાં પ્રાણી સંગ્રહાલયમાં જાણે 'હાઉસફુલ' જેવી સ્થિતિ સર્જાઈ છે.

કતારગામમાં ગરબા ક્લાસીસ સંચાલકના મકાનમાંથી ચોરી

સુરત : સુરતઃ કતારગામ સ્થિત શ્રી નિકેતન સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા અને ગરબા ક્લાસીસ ચલાવતા નીરવભાઈ પારેખના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ગત ૯ નવેમ્બરની રાત્રે દિવાળીએ પરિવાર જમવા ગયો હતો અને પરત આવ્યા બાદ રાત્રે સૂતી વખતે ભૂલથી બીજા બેડરૂમનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. ૧૦ નવેમ્બરની વહેલી સવારે અવાજ થતાં નીરવભાઈ જાગી જતાં એક અજાણ્યો શખ્સ કબાટમાંથી માલસામાન ચોરીને ગેલેરીમાંથી કૂદીને ભાગતો નજરે પડ્યો હતો. તસ્કરે કબાટમાંથી ૭ હજાર રોકડા, સોનાના દાગીના (ચેન, પેન્ડલ અને બે વીંટી) તેમજ એક આઈફોન મળી કુલ રૂ. ૨,૧૬,૮૭૬ ની મત્તાની ચોરી કરી હતી. આ મામલે કતારગામ પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પૃથ્વીની કાર્બન શોષવાની ક્ષમતા ઘટતાં વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધ્યું

શરદ ઋતુમાં પણ ગરમીનો અહેસાસ થવા પાછળ વૈશ્વિક તાપમાન અને કાર્બન ચક્રની મહત્ત્વની ભૂમિકા

સુપર અલ નીનો ફેબ્રુઆરી 2027 સુધી રહેવાની સંભાવના

અલ નીનો (El Nino) પ્રશાંત મહાસાગરના વિષુવવૃત્તીય વિસ્તારમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ થવાની કુદરતી હવામાન પ્રક્રિયા છે. તેના કારણે સમુદ્ર અને વાતાવરણ વચ્ચેનું ઊર્જા સંતુલન બદલાય છે. વિશ્વના અનેક વિસ્તારોમાં તાપમાન, વરસાદ અને પવનની પેટર્ન પર તેની અસર જોવા મળે છે. વૈશ્વિક હવામાન આગાહીઓ મુજબ અલ નીનોની અસર ફેબ્રુઆરી 2027 સુધી ચાલુ રહેવાની સંભાવના છે. તેની તીવ્રતા વધે તો સુપર અલ નીનો જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. જોકે તેની તીવ્રતાનું વર્ગીકરણ વૈજ્ઞાનિક માપદંડો પર આધારિત છે.

સુરતઃ સામાન્ય રીતે શરદ ઋતુમાં ચોમાસાની વિદાય બાદ વાતાવરણમાં ઠંડકનો અનુભવ થવો જોઈએ, પરંતુ ચાલુ વર્ષે શરદ ઋતુમાં પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. તેની પાછળ પૃથ્વીની જમીનની કાર્બન શોષવાની ક્ષમતામાં ઘટાડો, વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડનું વધતું પ્રમાણ અને સુપર અલ નીનો જેવી હવામાનની અસાધારણ પરિસ્થિતિઓ જવાબદાર બની શકે છે. ખગોળશાસ્ત્રી દિવ્યદર્શન પુરોહિતના વિશ્લેષણ મુજબ, વૈશ્વિક હવામાનમાં થઈ રહેલા આ ફેરફારો પૃથ્વીના તાપમાનના સંતુલનને અસર કરી રહ્યા છે.

પૃથ્વી પરનાં જંગલો, વનસ્પતિ, જમીન અને સમુદ્ર વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ (CO) શોષી લેવાની કુદરતી ક્ષમતા ધરાવે છે. આ પ્રક્રિયાને કાર્બન સિંક (Carbon Sink) કહેવામાં આવે છે. સામાન્ય રીતે આ કુદરતી વ્યવસ્થા વાતાવરણમાં કાર્બનનું સંતુલન જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

પરંતુ જ્યારે પૃથ્વી પર અતિશય ગરમી પડે છે ત્યારે જમીનની ભેજ ઘટે છે, વનસ્પતિની વૃદ્ધિ અને પ્રકાશસંશ્લેષણ (Photosynthesis) ની પ્રક્રિયા પર અસર થાય છે. પરિણામે જમીન અને વનસ્પતિની કાર્બન શોષવાની ક્ષમતા નબળી પડી શકે છે. બીજી તરફ, ઊંચા તાપમાનને કારણે જમીનમાંથી કાર્બનનું ઉત્સર્જન પણ વધી શકે છે.

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો લાભ લેવા

સુરતના ટેક્સટાઇલ મશીનરી ઇમ્પોર્ટરોની બ્રિટન તરફ દોટ

વિવિંગ, વોર્પ-નીટિંગ, એમ્બ્રોઇડરી અને ગાર્મેન્ટિંગ મશીનરીની આયાત માટે બ્રિટિશ ઉત્પાદકો સાથે બેઠકો

બ્રિટિશ મશીનરી ઉત્પાદકો માટે આ પ્રદર્શન મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ બનશે

BTMAની નજર આગામી 4થી 9 ડિસેમ્બર દરમિયાન ગ્રેટર નોઇડાના ઇન્ડિયા એક્સ્પોઝિશન માર્ટ ખાતે યોજાનારા India ITME 2026 પ્રદર્શન પર પણ કેન્દ્રિત છે. આ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં 1,800થી વધુ પ્રદર્શકો અને અંદાજે 1.50 લાખ મુલાકાતીઓ ભાગ લે તેવી અપેક્ષા છે. વિશ્વના સૌથી મોટા ટેક્સટાઇલ ઉત્પાદન બજારોમાં સ્થાન ધરાવતા ભારત સાથે વેપારી સંબંધો વિસ્તારવા બ્રિટિશ મશીનરી ઉત્પાદકો માટે આ પ્રદર્શન મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ બનશે.

સુરત : અત્યાર સુધી 90% ચાઈનીઝ મશીનરી પર નિર્ભર સુરતના ટેક્સટાઇલ મશીનરી ઈમ્પોર્ટર્સ દ્વારા હવે UK થી ટેક્સટાઈલ મશીનરી ઈમ્પોર્ટ કરવાની દિશામાં શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે. ભારત અને યુનાઇટેડ કિંગડમ (UK) વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)નો લાભ લેવા સુરતના ટેક્સટાઇલ મશીનરી ઇમ્પોર્ટરોએ બ્રિટનની ટેક્સટાઇલ મશીનરી મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રી તરફ નજર દોડાવી છે. દિવાળીના વેકેશન દરમિયાન સુરતના કેટલાક મશીનરી ઇમ્પોર્ટરો બ્રિટન પહોંચીને વિવિંગ, વોર્પ-નીટિંગ, એમ્બ્રોઇડરી અને ગાર્મેન્ટિંગ મશીનરીના ઉત્પાદકો સાથે મુલાકાત કરી રહ્યા છે. જોકે હજી ઘણા ઈમ્પોર્ટરને બ્રિટનના વિઝા મળ્યા નથી. અમેરિકા અને કેનેડાના વિઝા મેળવનાર ઉદ્યોગકારોને UK ના વિઝા આકરી પૂછપરછ પછી મળ્યાં છે. ભારત-યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી બંને દેશો વચ્ચે વેપાર અને ઔદ્યોગિક સહયોગને નવી દિશા મળવાની અપેક્ષા છે. ખાસ કરીને ટેક્સટાઇલ મશીનરી ક્ષેત્રે બ્રિટનની અદ્યતન ટેક્નોલોજી અને ભારતના વિશાળ ટેક્સટાઇલ મેન્યુફેક્ચરિંગ માર્કેટ વચ્ચે સહકારની મોટી સંભાવનાઓ ઊભી થઈ છે.

અલથાણમાં યુવક પર ચપ્પુથી ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ

પાંડેસરા પોલીસ મથકમાં અગાઉ નોંધાયેલી ફરિયાદ બાબતે અદાવત રાખી હુમલો કરનાર ચાર શખ્સો સામે ગુનો દાખલ

સુરતઃ પાંડેસરાના ગણેશનગર વિસ્તારમાં ઈન્દિરાનગર ખાતે રહેતો ૧૯ વર્ષીય વિરબહાદુર ઉર્ફે વીરૂ સુરેશ દિક્ષિતે અલથાણ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેનો ૨૨ વર્ષીય મોટો ભાઈ દીપક ઉર્ફે દીપુ સુરેશ દિક્ષિત ગત બપોરના અરસામાં પોતાની કેટીએમ બાઈક લઈને અલથાણના સ્ક્વેર વન કોમ્પ્લેક્ષ ખાતે કોલ્ડ કોફી અને નાસ્તો લેવા માટે ગયો હતો. તે દરમિયાન તેના પર જીવલેણ હુમલો થયો હોવાનો ફોન પરિવારને મળ્યો હતો.

પરિવાર દ્વારા જાણવા મળ્યું હતું કે ગત ૫ નવેમ્બર ૨૦૨૬ ના રોજ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં વીરબહાદુરના પિતા સુરેશભાઈએ સુરજ ઉર્ફે કાળીયા અને સતીષ યાદવ વિરુદ્ધમાં એક ગુનો નોંધાવ્યો હતો. આ જ કેસની અદાવત રાખીને અને અગાઉ આપેલી પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવા દબાણ કરવાના હેતુથી બપોરના સુમારે વિષ્ણુ ઉર્ફે વિશુ, સુરજ ઉર્ફે કાળીયા, સતીષ યાદવ અને કુલદીપ એમ ચાર શખ્સો બે મોટરસાયકલ પર સવાર થઈને આવ્યા હતા. હુમલાખોરોએ સ્ક્વેર વન કોમ્પ્લેક્ષ આગળ દીપકને રોકીને તેની સાથે ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈને ચપ્પુ વડે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત દીપકને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે અલથાણ પોલીસે વિષ્ણુ ઉર્ફે વિશુ, સુરજ ઉર્ફે કાળીયા, સતીષ યાદવ અને કુલદીપ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આર્થિક સંકડામણમાં યુવકે દુકાનમાં ઝેર પી લેતાં મોત

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં ડી-માર્ટ પાસે નીલકંઠ સ્ટેશનરી ચલાવતા ૨૬ વર્ષીય આર્ચિત હિંમતભાઈ ખેનીએ દુકાનમાં ઝેરી દવા પી આપઘાત કર્યો છે. મૂળ ભાવનગરના પરવડી ગામના વતની અને હાલ સરથાણા યોગીચોક ખાતે ક્રિસ્ટલ લક્ઝરિયામાં પરિવાર સાથે રહેતા આર્ચિતે ગુરુવારે બપોરે વરાછા ડી-માર્ટ પાસે પોતાની સ્ટેશનરીની દુકાનમાં ઝેર પી લીધા બાદ મિત્રને ફોન કરી કરી હતી. જે બાદ દોડી આવેલા મિત્રએ તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ, અગાઉના વિવિધ વ્યવસાયોમાં નિષ્ફળતા મળ્યા બાદ તેમણે સ્ટેશનરીની દુકાન શરૂ કરી હતી. ધંધામાં સતત આર્થિક સંકડામણ અને રૂપિયાની તંગી રહેતી હોવાથી તેમણે આ પગલું ભર્યું હોવાની આશંકા છે. આ અંગે ઉત્રાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉધના સ્ટેશન પર વસૂલી કરવા પહોંચ્યો પૂર્વ ટોયલેટ કર્મચારી

પે એન્ડ યુઝ ટોયલેટ પર કર્મચારી ન હોવાનો લાભ લઈ ટ્રેન આવે ત્યાં સુધી મુસાફરો પાસેથી પૈસા વસૂલવાનો પ્રયાસ

સુરતઃ ઉધના રેલવે સ્ટેશન પર પે એન્ડ યુઝ ટોયલેટના નામે મુસાફરો પાસેથી ગેરકાયદે વસૂલી અને ગેરવર્તણૂકનો કિસ્સો સામે આવ્યો છે. ટોયલેટનો પૂર્વ કર્મચારી જ ફરી સ્ટેશન પહોંચીને મુસાફરો પાસેથી પૈસા વસૂલવા લાગ્યો હતો. 10 નવેમ્બરની રાત્રે ટોયલેટ પર કોઈ કર્મચારી હાજર ન હોવાનો લાભ લઈને તેનો પૂર્વ કર્મચારી શુભમ પાંડે મુસાફરો પાસેથી નાણાં વસૂલવા લાગ્યો હતો. આ દરમિયાન એક મુસાફર સાથે તેણે અભદ્ર વ્યવહાર અને હંગામો કર્યો હતો. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં અને ટ્વિટર પર ફરિયાદ મળતા રેલવે સુરક્ષા દળ (આરપીએફ) હરકતમાં આવ્યું હતું. ઉધના આરપીએફે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપીની ઓળખ કરી તેને ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન આરોપી કોઈ અધિકૃત દસ્તાવેજ કે ઓળખપત્ર રજૂ કરી શક્યો ન હતો. આ મામલે આરપીએફે 11 નવેમ્બરે રેલવે એક્ટની કલમ 147 અને 145(બી) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



તો ભવિષ્યમાં સુરતને 1થી 3નંબર મેળવવામાં પણ ભારે ફાંફા પડશે

સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરતનો ક્રમ ગગડતા ધારાસભ્ય કુમાર કાનાણીએ મનપાની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા

સુરતઃ સ્વચ્છતા સર્વેક્ષણમાં અગાઉ પ્રથમ સ્થાન મેળવનાર સુરત શહેર આ વખતે 'સુપર સ્વચ્છ લીગ' કેટેગરીમાં પ્રથમ સ્થાન ગુમાવીને બીજા ક્રમે ધકેલાઈ ગયું છે. સુરતની આ પીછેહઠને લઈને વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ સુરત મહાનગરપાલિકાની સફાઈ વ્યવસ્થા અને કામગીરી સામે આકરા સવાલો ઊભા કર્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે જો મનપાનું તંત્ર હવે નહીં જાગે, તો ભવિષ્યમાં શહેરે 1 થી 3નંબર મેળવવામાં પણ ભારે ફાફા પડશે. આ સાથે જ શહેરીજનોની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે તંત્રએ ગંભીરતાથી કમર કસવી પડશે તેવી સખત ટકોર પણ તેમના દ્વારા કરવામાં આવી છે.

વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી શહેરમાં સફાઈની કામગીરી યોગ્ય રીતે ચાલતી ન હતી, જેને કારણે મારી અગાઉની શંકા સો ટકા સાચી ઠરી છે કે સુરત માટે પ્રથમ નંબર જાળવવો ખૂબ અઘરો છે. ખાસ કરીને વરાછા અને લિંબાયત જેવા વિસ્તારોમાં ટેક્સટાઈલ ઉદ્યોગમાંથી નીકળતા 'હોટફીક્સ' જેવા પ્લાસ્ટિકના કચરાનું દૂષણ મોટો માથાનો દુખાવો બન્યું છે. હોટફીક્સ વેસ્ટના યોગ્ય કલેક્શન અને નિકાલના અભાવે તેમાં વારંવાર આગ લાગવાની ઘટનાઓ બને છે, જેનાથી મનપાની ચિંતા પણ વધી છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે જો માત્ર પોશ વિસ્તારોમાં જ સર્વે થયો હોય અને તેમ છતાં બીજો ક્રમ મળ્યો હોય તો તે ખૂબ જ ગંભીર બાબત છે. માત્ર પોશ વિસ્તારો સુંદર હોવાથી શહેર સ્વચ્છ નથી બનતું.

ભુવનેશ્વરમાં વૃદ્ધાની હત્યા કરનાર ઝડપાયો

દિવાળી ટાણે કેરટેકરે વૃદ્ધાનું ગળું દબાવી સોના-રૂપિયા લૂંટીને પંજાબ થઈને સુરત ભાગી આવ્યો, આરોપી હાઈવે પરથી દબોચાયો

સુરત : ઓડિશાના ભુવનેશ્વર ખાતે દિવાળીના તહેવારો દરમિયાન બનેલી એક સનસનાટીભરી લૂંટ વિથ મર્ડરની ઘટનાનો સુરત ક્રાઈમ બ્રાન્ચ અને વડોદરા પોલીસની સતર્કતાથી પર્દાફાશ થયો છે. લક્ષ્મીસાગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા નિવૃત્ત ડીએફઓના ૭૬ વર્ષીય ધર્મપત્ની કુંજલતાબેન નંદાની ઘરમાં જ ગળું દબાવીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાસી છૂટેલા કેરટેકરને પોલીસે દબોચી લીધો છે.

મળતી વિગતો મુજબ કુંજલતાબેન પોતાના ઘરમાં એકલા રહેતા હોવાથી તેમની દેખભાળ માટે બલભદ્ર રામચરણ મહારાણા (ઉં.વ. આશરે ૪૦, રહે. ટાંગી, ઓડિશા) છેલ્લા ૪-૫ મહિનાથી કેરટેકર તરીકે નોકરી કરતો હતો. ગત ૩ નવેમ્બરના રોજ દિવાળી ટાણે તેણે વૃદ્ધાને એકલા જોઈને લૂંટના ઈરાદે ગળું દબાવી હત્યા કરી નાખી હતી અને ઘરમાંથી રૂપિયા ૩૨,૦૦૦ રોકડા તેમજ ૫૦ થી ૬૦ ગ્રામ સોનાના ઘરેણાં લૂંટીને ફરાર થઈ ગયો હતો.

પોલીસથી બચવા માટે આરોપી ભુવનેશ્વરથી ટ્રેન મારફતે પંજાબના લુધિયાણા અને ત્યાંથી સુરત આવ્યો હતો. તે પોતાનો મોબાઈલ વાપરતો નહોતો જેથી લોકેશન ટ્રેસ ન થાય. દરમિયાન, ઓડિશા પોલીસના ચોક્કસ ટેક્નિકલ ઈનપુટના આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચ અને વડોદરા ગ્રામ્ય SOG એ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને નેશનલ હાઈવે-૪૮ પર કરજણ નજીક આવેલી 'ક્રિષ્ના હોટેલ' પાસેથી આરોપીને દિલ્હી ભાગે તે પૂર્વે જ ઘેરી લઈ ઝડપી પાડ્યો હતો. પોલીસે લૂંટનો તમામ મુદ્દામાલ કબજે કરી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી આરોપીને ઓડિશા પોલીસના હવાલે કર્યો છે.

મોબાઈલ વગર ફરતો કુખ્યાત કેરટેકર

ઓડિશાના ચકચારી મર્ડર કેસમાં પકડાયેલા આરોપી બલભદ્ર મહારાણાએ પોલીસથી બચવા માટે અત્યંત ચાલાકીભરી પદ્ધતિ અપનાવી હતી. હત્યા કર્યા બાદ તે ભુવનેશ્વરથી સીધો પંજાબના લુધિયાણા ભાગી ગયો હતો અને ત્યારબાદ સુરત આવ્યો હતો. સૌથી મોટી ખાસિયત એ હતી કે તે પોલીસ સર્વેલન્સથી બચવા માટે પોતાનો અંગત મોબાઈલ ફોન બિલકુલ વાપરતો નહોતો. તે રસ્તામાં અજાણ્યા લોકોના ફોન માંગીને કે અન્ય સાધનો દ્વારા સંપર્ક સાધતો હતો જેથી સુરક્ષા એજન્સીઓ તેનું લોકેશન ટ્રેસ ન કરી શકે. તેમ છતાં, ઓડિશા પોલીસના મજબૂત ટેકનિકલ ઈનપુટ્સ અને સુરત-વડોદરા પોલીસના સચોટ સંકલનને કારણે તેની તમામ ચાલ નાકામ સાબિત થઈ હતી અને પોલીસે હાઈવે પર જ તેને આઈસોલેટ કરી દબોચી લીધો હતો.

આંતરરાજ્ય પોલીસ સંકલનથી ઉકેલાયો જટિલ ગુનો

આંતરરાજ્ય ગુનાખોરી ડામવામાં પોલીસ વિભાગો વચ્ચેનું સમયસરનું સંકલન કેટલું મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે તેનું ઉત્તમ ઉદાહરણ આ કેસ પૂરું પાડે છે. ભુવનેશ્વરમાં વૃદ્ધાની હત્યા કર્યા બાદ ફરાર થયેલો આરોપી ગુજરાતમાં આશરો લઈ રહ્યો છે અને ત્યાંથી બસ દ્વારા દિલ્હી ભાગવાની ફિરાકમાં છે તેવી ચોક્કસ માહિતી ઓડિશા પોલીસે સુરત ક્રાઈમ બ્રાન્ચને આપી હતી. માહિતી મળતાં જ સુરત અને વડોદરા ગ્રામ્ય એસઓજીની ટીમો ત્વરિત હરકતમાં આવી ગઈ હતી. સંયુક્ત નાકાબંધી ગોઠવીને કરજણ પાસેથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસની આ ટાંચણી અને ઝડપી કાર્યવાહીથી માત્ર લૂંટનો તમામ મુદ્દામાલ જ પરત મળ્યો નથી, પરંતુ એક ખૂનીને કાયદાના કઠેડામાં લાવવામાં મોટી સફળતા મળી છે. સુરત ડીસીપી દ્વારા આ સફળ ઓપરેશનની સરાહના કરવામાં આવી છે.